અપીલ અરજી નં.૨૮૨ તા.૩૧–૧૨–૦૮/૦૯

અરજદારઃ શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણ
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભાનુબેન નગીનભાઈ ચૌહાણની તા.૨૬–૧૧–૦૮ની અરજીથી તા.૨૪–૧૧–૦૮ તથા તા.૨૬–૧૧–૦૮ ના રોજ હરીશચંદ્ર જાદવ અને રવિ હરીશચંદ્ર જાદવ હરીનગર–૧ ઝુંપડપટ્ટીના મકાનના ઉપરના માળે પ્લાસ્ટર થઈ રહયું છે તેની ફરીયાદ કરવામાં આવી પછી શું કાર્યવાહી કરી તેની તથા બાંધકામ વિકાસ પરવાનગી મેળવી છે ખરી? અને મેળવી ન હોય તો મનપાના કાયદા મુજબ શી જોગવાઈ છે?તેવા મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૧–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૮૨/૨૦૦૮–૦૯

શ્રી ભાનુબેન નગીનભાઈ ચૌહાણની તા.૨૬–૧૧–૦૮ની અરજીથી તા.૨૪–૧૧–૦૮ તથા તા.૨૬–૧૧–૦૮ ના રોજ હરીશચંદ્ર જાદવ અને રવિ હરીશચંદ્ર જાદવ હરીનગર–૧ ઝુંપડપટ્ટીના મકાનના ઉપરના માળે પ્લાસ્ટર થઈ રહયું છે તેની ફરીયાદ કરવામાં આવી પછી શું કાર્યવાહી કરી તેની તથા બાંધકામ વિકાસ પરવાનગી મેળવી છે ખરી? અને મેળવી ન હોય તો મનપાના કાયદા મુજબ શી જોગવાઈ છે?તેવા મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે માહિતી ભુલભરેલી અને તદ્દન ખોટી આપી હોવાના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૧–૧૨–૦૮ ના રોજ ચૌહાણ નગીનભાઈ પરાગજી ધ્વારા અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૪૬ તા.૭–૧–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા અરજદારને અપીલના આધાર રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ વિશેષ માહિતી મળેલ નથી. કે માહિતીના ઈન્કાર અંગે કોઈ અપવાદ રજુ કરેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને માહિતી પૂરી પાડેલ તા.૮–૧૨–૦૮ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની મુળ અરજીમાં તા.૨૪–૧૧–૦૮ તથા તા.૨૬–૧૧–૦૮ ના રોજ હરીશચંદ્ર જાદવ અને રવિ હરીશચંદ્ર જાદવ હરીનગર–૧ ઝુંપડપટ્ટીના મકાનના ઉપરના માળે પ્લાસ્ટર થઈ રહયું છે તેની ફરીયાદ કરવામાં આવી પછી શું કાર્યવાહી કરી તેની તથા બાંધકામ વિકાસ પરવાનગી મેળવી છે ખરી? અને મેળવી ન હોય તો મનપાના કાયદા મુજબ શી જોગવાઈ છે?તેવા મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઝોન/આ.નં.૬૭૩૧ તા.૮–૧૨–૦૮ થી માહિતી પૂરી પાડેલ છે.જે અનુસાર મુદ્દા નં.૧ અંગે તા.૨૬–૧૧–૦૮ ના રોજ પ્લાસ્ટર વિગેરેની કામગીરી બંધ કરાવવામાં આવેલ. મુદ્દા નં.૨ અંગે તા.૨૭–૧–૦૮ ના રોજ અરજી કરેલ તથા મુદ્દા નં.૩ અંગે ચાલતું બાંધકામ પ્લાસ્ટર રીપેરીંગ પ્રકારનું હોય વિકાસ પરવાનગીની જરૂર નહીં હોવાની માહિતી સમય મર્યાદામાં પૂરી પાડયાનું જણાય છે. અરજદારે અપીલ અરજીમાં માહિતી ભુલ ભરેલી અને તદ્દન ખોટી આપી છે એવું જણાવે છે તથા રીપેરીંગ કામ અંગેના બહાના હેઠળની અરજીની તારીખ પણ ખોટી દર્શાવી હોવાનું જણાવેલ છે પરંતુ તે અંગેના આધાર પુરાવા અને વાજબીપણા અંગે કોઈ વિગતો માંગવા છતાં રજુ કરેલ નથી. અરજીના મુળ અરજદાર ભાનુબેન નગીનભાઈ ચૌહાણ છે જયારે અપીલ તેણી ધ્વારા કરવામાં આવેલ નથી. અપીલ કરનાર શ્રી નગીનભાઈ ચૌહાણને માંગવા છતાં મુળ અરજીની વિગતો રજુ કરવામાં નિષ્ફળ રહેલ છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૨૬–૧૧–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી સમય મર્યાદામાં પૂરી પડાયેલ જણાય છે. જેના મુદ્દા નં.૧ અને ૩ બાબતે હકીકતલક્ષી દફતરી માહિતી પૂરી પાડેલ છે. મુળ અરજી તથા અપીલ અરજીના અરજદારો ભિન્ન હોય અપીલના તબકકે મુળ અરજીથી અલાયદા અરજદારે ઉપસ્થિત કરેલ મુદ્દાઓ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અપીલ દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

**ડે.કમિશનર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણ,